પ્રસ્તાવના.

સને ૧૮૭૬-૭૭ ની સાલમાં વરસાદની તંગીને લીધે
ગુજરાતમાં અનાજની ઘણી મોંઘવારી થઈ હતી. તથા
ગાયકવાડ, દક્ષિણ અને મદ્રાસ વગેરે ભાગોમાં દુકાળના દુઃખ-
દાયી [illegible] હતી. એ વખતે [illegible]
ની વ્યવસ્થાપક મંડળીએ એવો વિચાર કર્યો કે દુકાળ જેવી
બાબત આપત્તિ આ દેશમાં કેટલીવાર પડેછે અને તેથી
લોકોના જાનમાલને પુષ્કળ હાનિ પહોંચેછે. માટે એ વિષે
એક નિબંધ લખાવી. તેમાં આગલીસાલોમાં પડેલા દુકાળો સં-
બંધી સઘળી હકીકત તથા એ દરેક દુકાળ વખતે લો-
કોને કેવા પ્રકારે અને કોણથી મદદ મળી હતી, તથા હવે
પછી હિન્દુસ્તાન એ દુષ્ટ આપત્તિ આવી પડે તો તેના અ-
ટકાવ કરવા અને તેનું દુઃખ [illegible] ઓછું કરવા [illegible]
અને સરકારે શામાં ઉપાય કરવા એ વાત [illegible]
હોય તો તે એક ઉપયોગી અને અમૂલ્ય ગ્રંથ [illegible]
[illegible]
[illegible] એવા નિબંધ લખવા [illegible]
[illegible]
અને ૧૮૭૭ ના [illegible] સાલના બુદ્ધિપ્રકાશના [illegible]
કરી પણ [illegible] એક નિબંધ [illegible]
નહિ. [illegible]
[illegible]
[illegible] અને ૧૮૭૮ ના [illegible] સાલના બુદ્ધિપ્રકાશના [illegible]
[illegible] ૪ નિબંધ [illegible]
[illegible] આ નિબંધ. [illegible]
[illegible]
બુદ્ધિપ્રકાશમાં [illegible] પણ [illegible] નિબંધ [illegible]

નારનો પગાર પચ્ચા માસ સુધી મળ્યો નહિ. પુસ્તક તપાસ કરતાં આખરે ખબર પડી કે એ લખનાર હાલ વિલાયતમાં બારિસ્ટરનો અભ્યાસ કરવા ગયેલ છે. આથી તેના એક મ-રૂગી ભિન્ન મારફતે તેની તપાસ કરાવી આની થયેલી ઇ-નામના રૂ.૧૫૦) માંથી રૂ.૧૦૦) તેને મોકલાવ્યા અને બા-કીના રૂ.૫૦) તપાસનારે સૂચવ્યા પ્રમાણે સુધારો કરી આ-પે ત્યારે આપવાના રાખ્યા. એ ગૃહસ્થને પોતાના અભ્યાસના વખતમાં સુધારો કરવાનો અવકાશ નહિ મળવાથી, અવ-વરસમાં તે પોતાની પરીક્ષા પસાર કરી પાછા આવ્યા બાદ તે નિબંધ તેની પાસે સુધરાવી, ઇનામના બાકી રાખેલા રૂ. ૫૦) આપી, હાલ છપાવી પ્રગટ કર્યો છે.

દુકાળ જેવી દુઃખદાયક આપત્તિ આ દેશને માથે ના આવે એમ અમે ઇચ્છીએ છીએ. તોપણ કદાપિ એવા વખત આવી પડે તો તે પ્રસંગે બનતી સાવચેતી રાખવા સારૂ સારા ઉપાય કરવા તે વિષે આ નિબંધમાંથી સારી સૂચના મળે તેમ છે. માટે તે લક્ષ પૂર્વક વાંચી જવાની દરેક માણસને અમારી ભલામણ છે.

એડિટર.

આ નિબંધ તૈયાર કરવામાં નીચેનાં અંગ્રેજી પુસ્તકોની મદદ લીધી છે.

---

1. *Colonel Baird Smith's Famine Report.*
2. Scarcities in the Madras Presidency, R. A. Dalyell,
3. Report of the Commissioners appointed inquire into the Famine in Bengal a Orissa in 1866
4. Report on Past Famines in the Bomb Presidency, compiled by Lieut-Col. A. F. Etheridge
5. Grant Duff's History of the Maharattas
6. A paper written by J. F. Thomas in Madras Journal of literature and scie on the duty of the state in times of fam
7. Asiatic Journal and Monthly Regis published in London from Vol IX Vol XXXVI
8. A letter to William Erskine by Capt James Rivett Carnac from Baroda on Famine in Gujarat in 1812 and 1813
9. An essay on the Bengal Famine of 18 read by Sir Bartle Frere, in London.
10. The annals of Indian Administration c taining accounts of famines that h occurred in different parts of India.
11. The Oriental containing famine-accoun

lections from the records of the Govern
ent of India.

litical Economy of Famines in India, by
own.

est Versus Famine, by E. H. Pringle.

s of the Bombay Gazette, the Times
ndia and the Bombay Samachar.

E. J. K.

હાર નીકળી આવે, અંગોઅંગના સાંધા ખુલ્લા દેખ
ખોરાકવગર ટળવળતું (બિલાડાં બોલતું) પેટ અંદર પેશી જ
તેની ચામડી ઉપર કરચલી પડે, સ્નાયુના સોશ્યા અને ચ
મડીના આચ્છાદનમાં ઢંકાઇ રહેલાં શરીરનાં દરેક હાડકાં ન
નસો બરાબર ગણી શકાય એવી હાલતમાં દેખાય, ન
તેથી મનોહર રૂપ ધરાવતું માણસ વહેમીઓએ કલ્પે
ભૂત પ્રેત ને ડાકણના જેવો આકાર પકડી રસ્તે રસ્તે
રેંકડી તરફડી મૂડદું થઇ પડે. એ સઘળાંનો કમકમાટ
રેલો ચિતાર દેખાડવાનું કામ દુષ્ટ દુકાળનું છે. માણ
ભૂખથી ઘેલાં બની જઈ ધૂળમાં અન્ન શોધવા માંડે, ત
પ્રાણીઓના છાણને ચુંથીને તેમાંથી ખોરાકની કાંઇ પ
જથ્થુસ ખોળવા જતાં અંતે નિરાશ થઈ મોતને આધ
થઈ રહે. એવો દેખાવ આપણી નજરે પાડનાર; તેમજ જ
મીન સૂકી અને નિરસ. આકાશ ત્રાંબાનું અને ઓષ વિ
ળની, હવા ભૂખી (સૂકી) અને રોગિષ્ટ, તથા મનુષ્યથી મ
ડીને દરેક પ્રાણીમાત્ર ભૂખ્યાં જંગલી પશુઓની પેઠે ખુ
બની રહેલાં, એ સર્વનો ભયકર ચિતાર ચિતરનાર પા
ક્રૂર દુકાળજ છે. ઘણીએક કંગાલ માતાઓને હૈયાફૂટી બ
નાવી તેઓનાં વહાલામાં વહાલાં બાળકોને નિર્દયપણે ન
દીઓમાં ફેંકી દેતી દેખાડનાર. તથા ઢગલાબંધ માણ
સોનાં મૂડદાં ઉપર રસ્તે રસ્તે શિયાળીઆં, કૂતરાં અને માં
સાહારી પક્ષીઓને ભક્ષ કરતો આપણી નજરે પાડી કમ
કમાટ ઉપજાવનાર, એ મહા ભયંકર દુકાળ છે. એ ખરાબ
પગલાંના શત્રુના જુલમથી માણસના શરીરનો કુદરતી રંગ
બદલાઈ કાળો થઈ જાય છે, તેના સાંધેસાંધા તવાઇ જાય
છે, અને તેનું બોલવું હેવાનના સાદને મળતું આવે છે
એના પાપી અમલમાં માણસો પોતાની નીતિ ખોઈ દે છે

રીપો વજર રહો ગયો હશે એમ માની શકાનું નથી. આપણા ભરતખંડ જેવો દ્રવ્યવંત, આબાદ અને મોટા વિસ્તારનો દેશ પણ વારંવાર સાંભી મુદ્દતે દુકાળનો ભોગ થયો આવ્યો છે, અને દુકાળનું નામ ઘણા લાંબા વખતથી આપણા દેશની ચડતી પડતી સાથે જોડાએલું આવ્યું છે જે દેશમાં આપણે વસીએ છીએ, તે દેશના ઇતિહાસનું જ્ઞાન આપણને જેટલું અગત્યનું છે તેના કરતાં ઘણું વધારે અગત્યનું તેમાં પડતા આવેલા દુકાળોની સાલવાર તવારીખનું છે. વળી એ જાતનું અગત્યપણું દિવસે દિવસે વધતું જાય છે; તેનું કારણ એ કે, આ દેશમાં આપણી ચડતી કળા, આપણાં સુખ, અને આપણી હસતી સાથ દુકાળને નિકટ સબંધ છે. વખતે વખત હિંદુસ્તાનના જૂદા જૂદા ભાગોની ભેટ દુકાળ લેછે. અને તેટલા માટે, તેને આવતે અટકાવવા, તેના આવી પહોંચવા સામે સાવચેતીઓ રાખવા, અને આવી પહોંચ્યા બાદ તેનાં ત્રાસદાયક પરિણામોની અસરો ઓછી કરવા તથા તેનું કાળું મોઢું ઘણા વખત સુધી દૂર કરવા, આજ સુધીમાં જેટલા દુકાળ પડી ગયા છે તેનો વિગતવાર હેવાલ, તેથી થયેલી ખરાબી તથા તેની સામે લેવાએલા ઉપાયો, અને તેના જાણીતા લોકોએ લીધેલો બોધ, એ સર્વેનું ખરેખર અને પૂરું જ્ઞાન આપણને ઘણુંજ જરૂરનું છે. પોતાના દેશને ચાહનાર દરેક માણસના, દેશી રજવાડા અને તેમની વફાદાર રૈયતના, કેળવણી પામેલા શખ્સોની, સુધારાના સાથીઓની અને ટૂંકામાં હિંદુસ્તાનના દરેક દેશીની તથા નામદાર અંગ્રેજ સરકારની ખરી ફરજ એ છે કે, હિંદુસ્તાનને જે દુકાળરૂપી જે બલા સદાકાળ ભમતી ફરે છે તેનાં સંબંધનું પૂરતું જ્ઞાન મેળવવું, અને તેના સકરોનો નાશ

કરવાને ઉપાયોરૂપી હથિયાર સજીને આગમજથી તૈયાર થઇ રહેવું.

હિંદુસ્તાનના ગુજરાત જેવા બહોળા વિસ્તારવાળા પ્રાંતમાં અને ગુજરાતી ભાષા બોલનારાઓનાં મુખ્ય મુખ્ય મથકોમાં આજ સુધીમાં કેટલા કેટલા દુકાળ પડ્યા અને તેનાં કેવાં કેવાં પરિણામો નિપજ્યાં, તેની વિગતવાર હકીકત જાણવાની આપણે પહેલી શરૂઆત કરીએ.

સીધાં વગર રહી અમે હરી એમ માની શકાતું નથી
આપણું ભરતખંડ જેવો દોલત, આબાદ અને મોટાં વિ-
સ્તારનો દેશ પણ વારંવાર લાંબી મુદતે દુકાળનો ભોગ થ-
તો આવ્યો છે, અને દુકાળનું નામ પણ લાંબા વખતથી
આપણા દેશની ચઢતી પડતી સાથે જોડાયુંજ આવ્યું છે.
જે દેશમાં આપણે વસીએ છીએ, તે દેશનાં ઇતિહાસનું
જ્ઞાન આપણને જેટલું અગત્યનું છે તેના કરતાં ઘણે દરજ્જે
અગત્યનું તેમાં પડતા આવેલા દુકાળોની સાલવાર તવારી-
ખનું છે. વળી એ જાતનું અગત્યપણું દિવસે દિવસે વ-
ધતું જાય છે; તેનું કારણ એ કે, આ દેશમાં આપણી ચઢતી
કળા, આપણું સુખ, અને આપણી હસતી સાથ દુકાળનો
નિકટ સંબંધ છે. વખતે વખત હિંદુસ્તાનના જુદા જુદા
ભાગોની ભેટ દુકાળ લેછે, અને તેટલા માટે, તેને આવતો
અટકાવવા, તેના આવી પહોંચવા સામે સાવચેતીઓ
રાખવા, અને આવી પહોંચ્યા બાદ તેનાં ત્રાસદાયક પરિ-
ણામોની અસરો ઓછી કરવા તથા તેનું કાળું મોઢુ ઘ-
ણા વખત સુધી દૂર કરવા, આજ સુધીમા જેટલા દુકાળ
પડી ગયા છે તેનો વિગતવાર હેવાલ, તેથી થયેલી ખ-
રાબી તથા તેની સામે લેવાયલા ઉપાયો, અને તેના જવા
પછી લોકોએ લીધેલો બોધ, એ સર્વેનું ખરેખરૂ અને પૂ-
રૂ જ્ઞાન આપણને ઘણુંજ જરૂરનુ છે. પોતાના દેશને ચ-
હાનાર દરેક માણસની, દેશી રજવાડા અને તેમની વફા-
દાર રૈયતની, કેળવણી પામેલા શખ્સોની, સુધારાના સાથી-
ઓની અને ટૂંકામાં હિંદુસ્તાનના દરેક દેશીની તથા નામ-
દાર અંગ્રેજ સરકારની ખરો ફરજ એ છે કે, હિંદુસ્તાનને
કે દુકાળરૂપી જે બલા સદાકાળ ભમતી ફરે છે તેનાં
ચોતુ પૂરતું જ્ઞાન મેળવવું, અને તેના સકંટોનો નાશ

તેમાને ઉપયોગી હથિયાર સમજે અજમાવવી તેયાર થયા હતું.

હિંદુસ્તાનના મુંબઈ ઈલાકા જેવા મહોટા વિસ્તારવાળા પ્રાંતમાં અને ગુજરાતી ભાષા બોલનારાઓના મુખ્ય મુખ્ય ભાગોમાં આજ સુધીમાં કેટલા કેટલા દુકાળ પડ્યા અને તેનાં કેવાં કેવાં પરિણામો નિપજ્યાં, તેની વિસ્તારવાર હકીકત લખવાની આપણે પહેલી શરૂઆત કરીએ.

પ્રકરણ ૧ લું.

ગુજરાતમાં પડેલા દુકાળ.

ગુજરાત જેવા મહોટા પ્રાંતમાં પડેલા દુકાળનું વર્ણન જરા વધારે વિસ્તારથી કરવા માટે એ પ્રાંતને તેના કેટલાએક જુદાના ભાગોમાં વહેંચી નાખી, તે દરેક ભાગમાં પડેલા દુકાળની તવારીખ જરા લંબાણથી અને બારીકીથી આપવાની વધારે અગત્ય લાગે છે. પહેલ વહેલાં આપણે કાઠીઆવાડમાં પડેલા દુકાળની ખબર લેઈએ.

દુકાળનો મુખ્ય ખાસિયત એ છે કે, તે જુદે જુદે ઠેકાણે જો કે જુદા જુદા રૂપમા આવછે. તોપણ તેની અંદર એક સરખા હોયછે, તથા તેના પરિણામમા મોટો ફેર જણાતો નથી. વળી ઘણે ઠેકાણે ચોક્કસ મુદતેજ દુકાળ પડતો જણાયલો છે એટલે પહેલા અને બીજા દુકાળ વચે જેટલા વર્ષ પસાર થઇ ગયેલા હોયછે, તેટલાજ વર્ષ બીજા અને ત્રીજા, તથા ત્રીજા અને ચોથા દુકાળની વચ્ચે વહી જતા જણાયલા છે. કાઠીઆવાડ અંગ્રેજી સત્તા ના પહેલ વહેલુ ઇ. સ. ૧૮૧૨-૧૩ મા આવ્યું હતુ. પહેલા ત્યાં બે મોટા દુકાળ પડેલા જણાયાછે. તેમાનો એક ઇ. સ. ૧૭૯૧ મા અને બીજો ઇ. સ. ૧૮૦૪ માં પડેલો હતો જેવો એ ભાગ અંગ્રેજોના હાંથમાં આવ્યો ૧૮ ત્યા દુકાળ પડયો હતો તે પછી. ઈ સ ૧૮૨૪-૨૫ અને ૧૮૩૮ ૩૯ મા પડયો હતો આ સર્વે મોટા દુકાળ કહેવાય છે એ ત્રણે દુકાળ વચ્ચે તેર તેર વર્ષનો અંતર પડેલો જણાયછે. એ પછી કોઇ મોટો દુકાળ કાઠી-

પામ્યાં હતાં. કાઠીઆવાડના ઉત્તર ભાગમાં જ્યાં વરસાદ ઝાઝો પડતો નથી, અને જુવારનો પાક નહેર, તળાવ, કુવે વગેરેની મારફતે કરવામાં આવેછે, ત્યાંના લોકોએ આ દુકાળની વખતે થોડું દુઃખ ભોગવ્યું હતું; કેમકે વરસાદની અતિશયતાની જરૂર પડતી નથી, અને વળી પાછળથી વાવણી થઈ શકેછે. અનાજ, રૂ, અને ઘઉં, ત્યાં ફેબ્રુઆરી મહિનામાં પકતા પુષ્કળ હવાથી (ઓસ–ઝાકળથી) પકવવામાં આવેછે. વળી દક્ષિણ ભાગમાં બાજરી અને જુવારનો એટલો બધો પાક થાય છે કે તે ત્યાં વપરાતાં, બીજા ઘણાખરા ભાગોમાં દૂર દેશાવર મોકલવામાં આવેછે, તથા કેટલુંક અનાજ જમીનમાં કોઠાર કરી તેમાં દાટી રાખવામાં આવેછે. આ ભયંકર દુકાળની વખતે એવું દાટેલું અનાજ ખોદી કાઢી વપરાશમાં આણ્યું હતું. વગવાળા ખેડુતો એ વખતે નહેર તથા કુવા તળાવના પાણીથી વાવણી કરવાને તૈયાર હતા, પણ આકાશમાં વાદળાં ચડી આવી નાનાં નાનાં ઝાપટાં પડવા લાગ્યાં તેથી વરસાદની આશા ઉપર તેઓ નભરવશ રહી ફસાયા; તે એટલે સુધી કે કુટુંબોનું ગુજરાન સારી રીતે કરવા સારૂ ભરી રાખેલું સઘળું અનાજ આશાએ આશાએ વાપરી નાખ્યું. પાછળથી તેમની આંખો ઊઘડી અને નહેરની મારફતે વાવણી કરવાની જરૂર પડી, ત્યારે પાણી ખેંચનાર બળદો વગેરે જનાવર એવી નબળી હાલતમાં આવી ગયાં હતાં કે તે કુવામાંથી પાણી ખેંચી શક્યાં નહિ. આ દુકાળ એટલો જબરો હતો કે, તે વહી ગયા પછી દસ વર્ષ સુધી આખો દેશ અસલ સ્થિતિમાં આવ્યો નહોતો.

આટલું છતાં એ દુકાળમાંથી છૂટવાના ઉપાયો ચાંપતા લેવામા આવ્યા હતા. જ્યાં જ્યા કુવાનાં પાણી ખૂટ્યાં ત્યા ત્યાં નવા કુવા ખોદવામાં આવ્યા હતા, જુદાં જુદાં

ભારે ઉપર સરકારે રાખ્યું અને ખાસ મોટા જથામાં ભરી રાખ્યા અને લોકોને તે ખૂટક વેચ્યા. મોટા કારખાનાંઓની જમીનો પાડી રસ્તા ઉપર સંખ્યાબંધ મજુરોને કામે અ-મારી સરકાર તરફથી રોજી આપવામાં આવી હતી એ ઉપરાંત ગરીબોની મદદને માટે જાહેર તેમજ ખાનગી ધ-ર્માદા ખાતાં હતાં. એજેન્સી સરકારે, તથા ભાવનગરે અને જુનાગઢના નવાબે તેમના ખરીઆ તાલુકાઓ પાસેથી લેવાની એગણી એરીઆર માફ કીધી હતી, તે એ તાલુકાઓમાં દુકાળ-માં આપી દીધી હતી

જ્યારે ઈ. સ. ૧૮૭૯ માં કાઠીઆવાડમાં જબરો દુ-કાળ પડ્યો હતો, ત્યારે હજારો લોક ત્યાંથી મુંબાઈ આ-વ્યાં હતા આ લોકોનો નિભાવ કરવા સારૂ મુંબાઈ મધ્યે ટાઉન હોલમાં જાહેર સભા ભરી હતી એ વેળા મી૦ કોર્ન્સ. એચ. ફ્રિરે પ્રમુખ તરીકે બિરાજ્યા હતા. એ સભામાં સર જે. મો. ગાવસકર, શેઠ ધાકજી કાળાજી, શેઠ જમસેદજી જીજીભાઈ, આનરેબલ જે. કિકાભાઈ અને ફ-રેનસ ડીકીનસન જેવા પ્રખ્યાત નરો હાજર હતા આ સાલ કાઠીઆવાડમાં સરાસરી બે ઈંચ વરસાદ પડ્યો હતો ત્યાંના કુવાઓમાં એક બે માસ ચાલે એટલું પણ પાણી રહ્યું ન-હોતું દરરોજ એ ભાગમાંથી વસ્તી ભાગતી પીવા તરફ આવતી; અનાજ પાણીની લોકોને એટલી ખપી તંગી પડ-વા લાગી કે માતાઓ પોતાના નાનાં બાળકોને સહેજસાજ પૈસા લઈ વેચવા લાગી ખાસ મારવાડ તો તદ્દન નાદાર થઈ ગયો હતો.

કાઠીઆવાડમાં પડેલા મોટા દુકાળ ઉપરાંત કોઈ કોઈ વાર અનાજની મોંઘવારી ચાલતી, અને લોકોને ઘણી મુ-શ્કેલીથી ખોરાક મળતો, એવી તંગી પ્રખ્યાત ઈ. સ. ૧૮૧૩

નો હતો. તે પસાર થયા બાદ એવો વખત ત્યાંના લોકોએ ઈ. સ. ૧૮૭૭ માં જોયો. એ સાલમાં અનાજની મોંઘવારીથી લોકોને બહુ આપદા વેઠવી પડી. ત્યાંના પોલિટિકલ એજંટ મી૰ પીલે અનાજની આમદાની, નીકાસ, ખપ, ઉપરાંત વગેરેના હિસાબનાં દર અઠવાડીએ પત્રકો બનાવવાનો હુકમ કર્યો હતો. વળી બીજા શા શા ઉપાય લેવા તે વિષે મસલત કરવા સારૂ એ સાહેબ, મુંબાઈના તે વખતના ગવર્નર સર રીચર્ડ ટેમ્પલની પાસે પુને ગયા હતા. ત્યાં તેમણે નામદાર ગવર્નર, કરનલ કેનેડી, કરનલ હેનકાક, અને વડોદરા રેલવેના એજન્ટ મી. બાર્ચુ સાથે વિચાર કરી, કાઠીઆવાડમાં ભાવનગરથી ઉત્તરે વઢવાણ સુધી રેલવેની લાઈન નાખવાનું અને પછી તેને પશ્ચિમે લેઈ જવાનું નક્કી કર્યું. એ સિવાય કાઠીઆવાડમાં નહેરો બાંધવાની ગોઠવણ પણ કરવા માંડી. ભાવનગર, નવાનગર, અને પાલીતાણા વગેરે સંસ્થાનોના રાજાઓએ પોત પોતાની રૈયતનાં દુ:ખનુ નિવારણ કરવા સારૂ સસ્તે ભાવે અનાજ વેચવાને દુકાનો કાઢી હતી, અને ઠેકાણે ઠેકાણે કુવા તળાવો બંધાવવા માંડ્યા હતાં. જુનાગઢના ગીરનારના પહાડ ઉપર કોરેલ ચડવા મોકલવાની ગોઠવણ કરી હતી, અને એ દરમ્યાન શહેર સુધરાઈ તથા પોલીસનો પૂરતો બંદોબસ્ત રાખવાના દેશી રજવાડાઓને પો૰ એજંટ તરફથી તાકીદ કરવામાં આવી હતી. આવા આંપના ઉપાયો કામે લગાડવાથી એ દુ:ખ બહેકી મોટી આફતમાંથી કાઠીઆવાડ કેટલેક દરજ્જે બચી ગયું હતું.

પાલણપુરમાં પડેલા દુકાળ.

આ જમાનામાં જે જે દુકાળ પડ્યા હતા તેની ખ-

ભાર હેવાથી, તથા જેઓએ વધારે ઓછા દુકાળ જોયા હતા અથવા બાપદાદાઓથી સાંભળ્યા હતા તેઓના કહેવાથી મેળવવામાં આવી છે. સરકારી નોંધ વખતે હતી ખરી, પણ તે બળી ગઈ હતી, અથવા તો ઇસ્વિસનની ૧૮ મી સદીની આખરે ખોસા અને મારવાડના લશ્કરે પાલણપુર તથા રા-ધનપુર ઉપર ચડાઇ કીધી ત્યારે તેઓ લુંટ મેળવી ઉ-પલી નોંધનાં પુસ્તકો પણ સાથે લેઇ ગયા હતા, એવું વિ-ચારવામાં આવે છે.

પાલણપુરમાં મોંઘવારીના તેમજ દુકાળના વરસ નીચે પ્રમાણે હતાં. એ અરસામાં વરસાદ ન વરસવાથી પાક થ-યો નહિ, તેથી અનાજની તંગીને લીધે લોકોને ઘણું સો-સવું પડ્યું હતું.

ઈ. સ. ૧૭૪૭. ઈ. સ. ૧૮૦૪. ઈ. સ. ૧૮૩૫.
" ૧૭૫૮. " ૧૮૧૩. " ૧૮૪૨.
" ૧૭૮૫. " ૧૮૨૫. " ૧૮૪૬.
" ૧૭૯૧. " ૧૮૩૪.

એ વર્ષોમાં વરસાદ ઘણુંકરીને મુદલ પડ્યો નહોતો અને ભૂખમરો એટલો આવ્યો હતો કે ગરીબ લોકો ટ-પોટપ મરી જતા હતા. ઘાસ ન ઉગવાથી તવંગર લોકો પો-તાનાં ઢોરને જ્યાં ચારો મળી આવ્યો ત્યાં લેઇ ગયા, પણ ગરીબનાં ઢોર માર્યાં ગયાં હતાં. આથી ભીલ કોળી ઇત્યા-દિ લોકો જેઓ માંસ ભક્ષ કરતા હતા તેઓને પેટ ભ-રવાની મુશ્કેલી પડી હતી. વાણીઆઓએ તથા તવંગરોએ પોતાના ગામ ભંડારમાં આગલાં વર્ષોનું અનાજ ભરી રા-ખ્યું હતું. પણ તેમણે લુટાઈ જવાની અને ખૂટી પડવાની બીકે તે છુટથી બહાર કાઢ્યું નહિ. તેથી લોકો ઘબરાટમાં પડી અનાજની શોધમાં બહાર નીકળી ગયાં હતાં.

ઈ. સ. ૧૮૧૩ માં ત્યાં કચ્છમાં સખત દુકાળ
પડ્યો. એ દુકાળ આખા કાઠીઆવાડમાં પણ પસરેલ હ
તો. પાલણપુરમાં ઈ. સ. ૧૮૧૧ માં વરસાદને અભાવે
અનાજ પાક્યું નહિ. ઈ. સ. ૧૮૧૨ માં વરસાદ પડવા
પાક બરાબર ઉતરવાની આશા હતી, પણ એ વરસમાં તી
ડો કેટલાં ઊતરી આવ્યાં અને અનાજનો નાશ કરી ન
ખ્યો. વળી ઈ. સ. ૧૮૧૩ માં વરસાદ પડ્યો નહિ અ
નેથી પાક પણ થયો નહિ. લોકો ઝાડની છાલનો ભૂકો ક
રી તથા ચામડાં ખાઈ કે બોરી કરી પેટિયું ભરતા. ગોળ
ભેગા કરી તેના રોટલા કરી ખાતાં. કેટલાક લોક જેઓ
માલદાર હતા તેઓ ગાયો, ભેંસો ઇત્યાદિ ઢોરને જેર
રજ મારી નાખી તે પર ગુજરાન ચલાવતા. વળી એ
થી પણ જીવન ન થતાં જ્યારે ભૂખમરો ચાલવા લાગ્યો
ત્યારે માણસ માણસને ખાવા લાગ્યા હતા. કેટલાક દાખલ
એવા પણ જણાયલા છે કે અતિશય ભૂખથી રખડતાં રખડતાં
અને દીવાના જેવાં થયેલાં મા-બાપ, પોતાનાં બાળબચ્ચાંને મારી ખા
વા લાગ્યાં. તેમ જ બને તે બાળકોની માતાઓ તેઓનો જાન બચા
વવા વચ્ચે પડતી હતી. ભૂખમરો એટલો બધો ચાલ્યો હતો
કે જેઓ જીવતાં હતા તેઓમાં પોતાના ઘરના મરી ગએલ
માણસનાં મડદાં પડેલાં હતાં તેમને બાળવા અથવા ભૂમિ
દાહ દેવા જેટલી જરાએ શક્તિ નહોતી. આવાં
હજારો માણસોને સગાં વહાલાં ગામડાં ઘરબાર વિનાનાં થઈ ગ
યાં હતાં. જમાનાના પોકાર વખતમાં આ બધા અને બાળકોન
ની છેક બરબાદ થઈ ગયા. ઈ. સ. ૧૮૧૩ નો દુકાળ
સઘળે દેશમાં એક સરખો તણખો પથરાઈ ગયો હતો. એ
વરસ સિવાય જે જે વખતમાં થોડા ઘણા દુકાળ પડયા તે
વખતમાં લોકોને મદદ પહોંચાડવા કરવા સારુ ઠાકોરોએ



મહિકાંઠા પ્રાંતમાં પડેલા દુકાળ.

આ ભાગના દુકાળની ચોક્સ નોંધ મળી શકતી ન
થી; તોપણ દુકાળનાં જેજે વર્ષો જણાવેલાં છે. તે ઇ. સ
૧૭૯૧–૧૮૧૩–૧૮૨૫ અને ૧૮૩૪ નાં છે. એ વર્ષોમ
ત્યાંના લોકોએ ઘણું સંકટ વેઠ્યું હતું, અને સંખ્યાબંધ
માણસનાં મર્ણ નીપજ્યાં હતાં. ઘણાં માત પિતાને પો
તાનાં પ્રિય બાળકો વેચવાં પડ્યાં હતાં, તથા કેટલાકને તે
ઓનું પેટ ન ભરાવાથી બીજાને આપી દેવાં પડ્યાં હતાં
એ પ્રાંતમાં લુંટારાઓનો ત્રાસ પણ આવતો હતો. તેઓના
જુલમનાથી લોકોને બચાવવા સારૂ અંગ્રેજ સરકાર ઇ. સ
૧૮૧૨માં વચમાં પડી, તોપણ તે પછી એવું બન્યું અં
ધેર ચાલ્યું કે, બીજા કેટલાક સંકટોની પેઠે ભૂખમરાનું સંકટ
ત્યાં સાધારણ થઇ પડ્યું હતું. ઇ. સ. ૧૮૩૬માં અંગ્રેજ સર
કારના ઉપરીપણાને. અમલ ત્યાં બરાબર જામ્યો અને ઇ. સ.
૧૮૫૪થી એ ભાગમાં પડતા વરસાદની નોંધ બરોબર રા
ખવામાં આવી. એ વરસની અગાઉના દુકાળ વિષેની કાંઇ
પણ ભરોસાદાર ખબર મેળવવાની તજવીજ ફોકટ છે.
ભૂગોળવિદ્યાથી જણાય છે કે મહિકાંઠા ગુજરાતમાં આવેલો
એક ભાગ છે. માટે જે અસરો ગુજરાતના બીજા ભાગો
ઉપર દુકાળે કીધી તે એ ભાગમાં પણ થવી જોઇએ. જે
મ ઇ. સ. ૧૮૬૩-૬૪ માં બહાર દેશાવરથી મોટા જથ્થા
માં અનાજ મગાવી ખરીદ ભાવે વેચવાની કાઢીઆવાડમાં
તજવીજ થઇ હતી તેમ મહિકાંઠામાં થઇ હોય એવું કોઇ
જગોએ જણાવ્યું નથી. એવું કામ અહિંઆં ન બને તેનાં
બે કારણો છે એક તો એ કે અહિંની જમીન પહાડ
પથરવાળી હોવાથી જોઇએ તેવા રસ્તા બને નહિ, ત
થા એને દરિઆનો કિનારો લાગેલો નથી. વળી એ પ્રાંતમાં

એટલે એના મુખ્ય પાંચ દશા છ ભાગોમાં ઉપર કહ્યું તે ઉપરાંત પૈસાની પણ ઘણી તંગી હોવાથી ધારેલું કામ પાર પડી શકે નહિ.

અમદાવાદમાં પડેલા દુકાળ.

અમદાવાદ અંગ્રેજ સરકારના તાબામાં આવ્યું તેની આગમજ મુસલમાન પાદશાહોની સત્તા હેઠળ હતું એ પાદશાહોના વખતમાં ઈ. સ. ૧૬૩૧ (વિ. સંવત્ ૧૬૮૭) નું વર્ષ જે "સત્યાશીઓ કાળ" એવા નામથી ઓળખાય છે, તે વર્ષમાં લોકોને જબર સંકટ પડયું હતું; તે એટલે સુધી કે માણસ માણસને ખાવા લાગ્યાં હતાં. તે વખતે પાદશાહે અમદાવાદ, સુરત અને બરાનપોર મધ્યેના પોતાના સુબાઓને દિલ્હીથી હુકમ લખ્યા હતા કે, સરકારી લંગરખાનાં ઉઘાડી તેમાંનું અનાજ લોકોને વહેંચવું એ ઉપરાંત અમદાવાદના લોકોને ત્યાંની (અમદાવાદની) સરકારી તિજોરીમાંથી પચાસ હજાર રૂપિઆ વહેંચવાનો હુકમ આપ્યો હતો. આ દુકાળ વરસાદ ન આવવાથી પડયો હતો પાદશાહે દયા કરીને એ વર્ષનું જમીનનું મહેસુલ ખેડુતો પાસેથી લીધું નહોતું એટલુંજ નહિ, પરંતુ બીજી પણ સારી મદદ કરી હતી. એ પહેલાંનો દુકાળ ઈ સ. ૧૫૫૦માં પડેલો જણાયલો છે. એ પૂરો દુકાળ સાત વરસ સુધી ચાલુ રહ્યો હતો. અને લોકો મહા મહા દુઃખી થયા હતા. એ વિષેનો મન માનતો હેવાલ કોઈપણ રીતે મળી શકતો નથી

ઇ સ ૧૭૧૮ (વિ. સ. ૧૭૭૪ નું વરસ 'ચુમોતરા કાળ"નું મનાય છે એ વરસમાં જે દુકાળ પડયો તેથી સંખ્યાબંધ લોકો ભૂખમરાથી મરી ગયાં હતાં. ભૂખના દુઃખથી વ્યાકુળ થયેલા માબાપે પોતનાં વહાલાં

ઢોરાંને પૈસાની નજીવી રકમે એટલે સહેજ એક બે રૂપિએ વેચી નાખ્યાં હતાં. એ વખતે અનાજના ભાવ મણુજે તેજ હતા; બાજરી અને મગ બે આને શેર મળતાં. બહાર દેશાવરથી કેટલુંક અનાજ આવ્યું હતું. પણ તે અનાજ સરકારે મગાવ્યું હતું કે વેપારીઓએ, તે ચોક્સ જણાતું નથી.

"તીસોતરો કાળ" એ નામે ઇ. સ. ૧૭૪૭ (વિ. સં. ૧૮૦૩નું વરસ ઓળખાતું હતું એ વરસમાં વરસાદનું એકપણ ટીપું ન પડ્યું તથા ઘાસનું એક ભૂખ સરખું પણ ન ઉગ્યું. લોકોએ જેમાં મળી વરસાદને માટે ત્રણ દિવસ સુધી ઇશ્વર પ્રાર્થના કીધી, પણ તેથી કાંઇ વળ્યું નહિ અને અનાજના ભાવ ઉછળતા વધતા ગયા, તે એટલે સુધી કે રૂપિઆ એકનું છથી તે આઠ શેર સુધા મળવા લાગ્યું આથી કરીને સંખ્યાબંધ માણસ અનપાણી વિના તરફડી તરફડીને મરવા લાગ્યાં. કેટલાક કાયર થએલા લોકો મુએલા ઢોરનાં માંસ ખાઇ જીવવાને ફાંફાં મારતા હતા. †

મુસલમાન પાદશાહોના હોવાના નોંધમાં છેલ્લો દુકાળ ઇ. સ. ૧૭૬૧ વિ. સ. ૧૮૧૭નો જણાવેલો છે. એ દુકાળ હવામાં બિગાડ થવાથી તથા મારવાડીઓનાં તોફાનને લીધે પડ્યો હતો. હજારો લોકો મરકીથી બે ત્રણ દિવસમાં મરણ પામ્યાં. તેમને દાટવા બાળવાને પણ કોઈ

† નદી તથા તળાવ સુકાઇ ગયાં આસપાસના ગામડાનાં લોકો પાણીની શોધમાં પોતાનાં ઘરબાર છોડી જંગલે જંગલ ભટકવા લાગ્યાં. ઘણાક માળવા તરફ નીકળી ગયાં. કેટલા માણસ મુઆ હશે તેની ગણતરી જણાતી નથી. અનાજ પણ મોંઘુ વેચાવા લાગ્યું. આવા વખતમાં જે ગામડાં ઉજ્જડ થયા તે ફરીથી વસ્યાંજ નથી.

માણસ મળી શક્યાં નહિ. નવારસી માણસનાં મુડદાં સ-રકાર તરફથી સાબરમતી નદીને કાંઠે કાઢી નાંખવામાં આ-વતાં. આસપાસના કસ્બા અને ગામડાંના ભૂખે મરતા લોકો પોતાનાં રળવાજી ભરેલાં છોકરાંને વેચવા સારૂ શહેરમાં આવી બેઠાં થયાં હતાં. એવી રીતે વેચાતાં છોકરાંનું મૂલ્ય એક બે રૂપિઆ ઠરતું. આ અરસામાં કેટલા વિસ્તારની જમીન ઉપર દુકાળ આવ્યો તથા લોકોને તેમાંથી છોડવ-વાને શા શા ઈલાજો લેવાયા. તે જણાયું નથી. ત્યાર પછી લગભગ આઠ વરસ સુધી અનાજના ભાવ વધેલા રહ્યા હતા. સાધારણ જાતનું અનાજ રૂપિઆ એકનું વીસ શેર મળતું.

ઈ. સ. ૧૭૯૦—૯૧ (વિ. સં ૧૮૪૭)માં પડેલા દુ-કાળમાં સંખ્યાબંધ ઢોર મરણ પામ્યાં. અને ભયંકર દરદો તથા માંદગી પેદા થઇ. વરસાદ ન વરસ્યો એ દુકાળનું ત-સ્તનું કારણ હતું. ઘણા લોકોનો આ વખતમાં નાશ થયો હતો. અનાજ ચાર આને ગભુ વેચાતું હતું તે છેક બે રૂ-પિએ મણ વેચાવા લાગ્યું. કેટલાક માણસોએ પોતાનાં બાળિકાં બાળ બચ્ચાંઓને ભુખ રડતે ફેંકી નાખ્યાં હતાં. વળી કેટલાંક માણસો બજારમાં ઉતરી પડતાં હતાં. એ દુકાળ સાત વર્ષ સુધી ચાલ્યો હતો. ગુજરાતમાં એને "સુ-ડતાળો કાળ" કહેવામાં આવે છે. એ દુકાળનો ત્રાસ લો-કોમાં એટલો બધો ફેલાયલો હતો કે આજપણ કોઈ કૃપણ માણસને ભિખારણી કહેવું હોય ત્યારે એમ કહે છે કે "એ-ના ઘરમાં તો સુડતાળો ચાલે છે."

બીજો મોટો દુકાળ ઈ. સ. ૧૮૧૨-૧૩ (વિ. સં. ૧૮૬૯)માં હતો. એ વર્ષમાં થોડો વરસાદ વરસ્યો હતો, પણ માળવામાં દુકાળ આવવાથી ત્યાંના લોકો અહિં ધસડાઈ આવવા-

થી અનાજ પાણીની તંગી પડી. અને અહિં પણ જબરો દુકાળ ચાલુ રહ્યો. વળી તે સાથે એક બે વખત તીડનાં મોટાં મોટાં ટોળાંએ આવી જેવા તેવા પાકનો પણ નાશ કર્યો હતો. સબ્બાધ અને વિપત્તિમાં એ દુકાળ ઈ. સ. ૧૭૯૦-૯૧ ના દુકાળથી સહેજ ઉતરતો ગણાવામાં આવ્યો હતો. એ વર્ષમાં જુવાર, બાજરી ઇત્યાદિ અનાજ આઠ રૂપિએ મણ વેચાયાં. ઘી વીસ રૂપિએ મણ મળતું અને ગોળ તથા તેલ એક રૂપિઆનાં ૮ શેર સુધી વેચાતાં. આ વર્ષમાં બંગાળા તથા બીજા ભાગોમાંથી ધોલેરાના બંદરમાં ઘણુંખરાં અનાજની આવદાની થઇ હતી. વળી તે સિવાય કોઠારોમાં દાટેલું જથાબંધ અનાજ બહાર કાઢી વેચવામાં આવ્યું હતું. ઢોરોમાં જબરી મરકી ચાલવાથી સખ્યાબંધ બળદોને બચાવવા સારૂ કાઠીઆવાડમાં હાંકી મૂક્યા હતા. બીજે વર્ષે પુષ્કળ વરસાદ પડ્યો, પણ ગરીબ વર્ગના લોક નબળા થઈ જવાથી તાવ અને બીજા રોગોને આધીન થઇ મરવા લાગ્યા. આ દુકાળમાં અમદાવાદ શહેરની વસ્તીનો નજીક ત્રીજો ભાગ મરણ પામેલો જણાય છે. મૂડદાને બાળવાને જોઇતાં લાકડાં ન મળવાથી બાંધેલા ઘરોમાંથી કાટમાલ તોડી કાઢીને તે ઉપયોગમાં લેવો પડ્યો હતો. મરકીનું જોર એટલું બધું હતું કે મૂડદાને સ્મશાનમાં લેઇ જનાર પુરેપુરા નહિ પડવાથી ઘણીવાર બાઇઓને તે ઊચકી જવા પડતા ! આ મરકીનું મુખ્ય કારણ વિપરીત ખોરાક હતો. એ વર્ષમાં મારવાડથી આવેલા ભૂખે મરતા માણસોને અનાજ મળ્યું નહિ. અને તેઓ માસ મણ નહિના ખાતા તેથી તેઓ સઘળા રવડી રવડીને મરણ પામ્યા. ઈ. સ ૧૮૧૯ (વિ સ ૧૮૭૫) અને ઈ સ. ૧૮૨૫ (વિ. સ. ૧૮૮૧)ના બે વર્ષો મહા તંગીના પસાર

૧૭૧૧ માં દુકાળ પડ્યો હતો. એ વરસ "સત્તરોકાળ" નામે ઓળખાતું હતું. આ દુકાળ-વરસાદ ન આવવાથી પડ્યો હતો એ સાલમાં એક કાચા મણ અનાજનો ૨॥ પડતો હતો. એ દુકાળ પરાંતીજ પરગણામાં અને મહિકાંઠામાં ઘણો જણાયો હતો. એમાંથી છૂટવાના ઉપાયો લેવામાં આવ્યા નહોતા, તેમ ઉપાય લેવાની ઘણી ગરજ પણ નહોતી.

ઈ. સ. ૧૭૮૦-૮૧માં પડેલા દુકાળનો હેવાલ મળતો નથી. એ એકજ તાલુકામાં પડેલો હતો. અને એનું જોર એટલું નરમ હતું કે એને દુકાળ કહેવા કરતાં તંગી કહીએ તો ચાલે. ઈ. સ. ૧૭૯૧ના દુકાળમા અનાજ વગેરેના જે ભાવ હતા તે એ સાલમાં પણ હતા. છૂટકારાના કાંઈ પણ ઉપાય લેવામાં આવ્યા નહોતા.

ઇ સ. ૧૭૯૬નુ વર્ષ 'એનાસા'નું કહેવાતું. ઇ.સ. ૧૭૧૧ ના દુકાળનો સઘળો હેવાલ આ સાલના દુકાળને લાગુ પડેછે.

ઇ સ. ૧૮૧૨ના દુકાળમાં પહેલો વરસાદ વરસ્યો હતો અને પાકના છોડ બે ત્રણ ઇંચ ઊંચા ફૂટી નીકળ્યા હતા, પણ પાછળથી વરસાદના નહીં આવવાને લીધે તે કરમાઈને સુકાઈ ગયા હતા. ધોળકાના લોકોની મદદને માટે ચરોતરમાંથી અનાજ આવ્યું હતું. અને તે લોકોને મફત વહેંચવામાં આવ્યું હતું. નહેરો તથા કુવા તળાવોની સોઈવાળાં ગામડાના આંકડા ઉપર સરકાર તરફથી હુકમ ગયા કે નહેરની મારફતે કાન ખેડુને પાકને માટે પાવણી કરવી તેમજ પંજાબ ગામના લોકોને નવા કુવા કરવાની ભલામણ કરવામાં આવી હતી.

સાણંદના લોકોએ ઘઉં અને જવની મોટી મોટી વખારો ભરી રાખી હતી તેથી એ વખતે તેમનો બચાવ થયો. વળી નવા કાંસ ખોદાને તેની મારફતે પણ તેમણે મોટો ઘણો પાક પકવ્યો હતો.

મોસમના પહેલા ભાગમાં વરસાદ પડ્યો, પણ પાછળથી તે બંધ થઈ ગયો. તેથી ફક્ત આઠમા ભાગ જેટલુંજ અનાજ પાક્યું. એટલું છતાં અનાજના છોડનાં ડુંડાં ભરેલાં હતાં અને તે ઢોરોને ચારા તરીકે કામમાં આવ્યાં હતાં. આ વર્ષે આખા જીલ્લામાં તંગી ચાલી હતી.

ધંધુકા તાલુકાના લોકોને કુવા, તળાવ તથા નદીના પાણીથી પાક કરવાને સરકારે ઉશ્કેર્યા હતા. આ વખતે ત્યાંના લોકોના ગુજરાનને માટે ધોલેરાથી અનાજ આવ્યું હતું.

વીરમગામ તાલુકામાં અનાજ ઉપર કર લેવાતો હતો તે સરકારના હુકમથી બંધ પાડવામાં આવ્યો, તેથી કરીને અનાજના વેપારીઓને ફાયદો થવાથી તેમણે ભાવમાં ઘટાડો કર્યો હતો.

સાણંદ તાલુકાના લોકોની ભૂખ ટાળવા સારૂ જથાબંધ અનાજ વહેંચવામાં આવ્યું હતું, તથા કુવા અને તળાવ વગેરેના પાણીથી ખેડુતોએ કેટલોક પાક પણ પકવ્યો હતો.

મોધાના લોકોને વાપરવા માટે પાણી પેદા કરવા સારૂ કુવાઓ ખાંધવા સરકાર તરફથી ઉશ્કેટ અને ઉત્તેજન આપવામાં આવ્યાં હતાં. પરાંતીજમાં ખાનગી સખાવત એટલી ચાલી કે ગૃહસ્થ લોકો પોતાનું ભરી મૂકેલું અનાજ ગરીબ અને ભૂખે મરતા લોકોને છૂટથી આપતા હતા. મોડાસામાં તથા દસક્રોઈ તાલુકામા લોકોના છૂટકારાને માટે કાંઈ પણ ઉપાય લેવામા આવ્યા હોય એવું જણાયું નથી.

ઇ સ. ૧૮૩૪ નું વર્ષ ઘણું તંગીનું ગયું. એ વર્ષે વરસાદ ઘણો થોડો વરસ્યો હતો. પણ ધંધુકામાં પુષ્કળ વરસાદ વરસવાથી ત્યા કેટલી રેલ આવી હતી. ધોળકા અને પરાતીજ તાલુકામા તીડ પડ્યા હતા તેમણે આસપાસના ખેતરના પાકનો નાશ કર્યો હતો. એ વર્ષમા મોઘા સિવાય

ચાલુ રસોઈ.

વર્ષ (ઈ. સ.)	રૂપિઆના એટલા શેર (૪૦ રૂપિઆ ભારના શેર) પ્રમાણે								
	જાડા ચોખા	ઝીણા ચોખા	ઘઉં	બાજરી	મગ	મઠ	તુવેરદાળ	ઘી	તેલ
૧૭૬૦-૬૧	,,	,,	,,	,,	,,	,,	,,	,,	[illegible]
૧૮૧૨-૧૩	૧૦	૭	૧૦	[illegible]	૮	૧૦	૧૨	૨૪	[illegible]
૧૮૧૯-૨૦	,,	,,	,,	,,	,,	,,	,,	,,	[illegible]
૧૮૨૪-૨૫	૨૦	૨૪	૨૧	૨૦॥	૨૦॥	૨૬	૩૩	૨૭	[illegible]
૧૮૩૪-૩૫	૨૬	૨૦	૨૪	૨૫	૩૦	૩૩	૨૭	[illegible]	[illegible]
૧૮૩૮-૩૯	૩૨	૨૮	૨૮	૩૩	૨૫	૩૮	૩૮	[illegible]	[illegible]

નાણુંકા ઉમેરો.

વર્ષ (ઇ. સ.)	રૂપિયા એકના કાચા (૪૦ રૂપિયા ભારના) શેર પ્રમાણે.								
	[illegible]	[illegible]	ઘઉં	બાજરી	મગ.	મઠ.	જુવાર.	ઘી.	ગોળ.
૧૮૦૦–૦૧	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,
૧૮૧૨–૧૩	૧૦	,,	૧૦	,,	૮	૧૦	૧૨	,,	૪
૧૮૧૯–૨૦	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,
૧૮૨૪–૨૫	૨૭	૨૪	૨૧	૨૮॥	૨૦॥	૨૮	૩૩	,,	૬
૧૮૩૪–૩૫	૨૯	૨૭	૨૪	૨૫	૩૦	૩૩	૨૭	,,	૮
૧૮૩૮–૩૯	૩૨	૨૮	૨૮	૩૩	૨૫	૩૬	૩૮	,,	૧૧



ધોળકા તાલુકો.

વર્ષ (ઇ. સ.)	દાણા એક મણનો ભાવ. (રૂપિઆ અને આનામાં.)								
	જાડા ચોખા	ઝીણા ચોખા.	ઘઉં.	બાજરી.	મગ.	મઠ.	જુવાર.	ઘી.	ગોળ.
૧૭૯૦–૯૧	,,	,,	૫–૦	,,	,,	,,	,,	૩૨–૦	૧૦–૦
૧૮૧૨–૧૩	,,	,,	૨–૮	૨–૮	,,	,,	,,	,,	,,
૧૮૧૯–૨૦	,,	,,	૩–૦	,,	,,	,,	,,	૧૬–૦	૭–૦
૧૮૨૪–૨૫	,,	,,	૨–૦	,,	,,	,,	,,	૧૫–૦	૫–૦
૧૮૩૪–૩૫	,,	,,	૨–૮	,,	,,	,,	,,	૧૬–૦	૮–૦
૧૮૩૮–૩૯	,,	,,	૨–૮	,,	,,	,,	,,	૧૬–૦	૮–૦

વીરમગામ તાલુકો.

વર્ષ (ઇ. સ.)	કાચા એક મણનો ભાવ. (રૂપિઆ અને આનાથી.)								
	જાડા ચોખા.	ઝીણા ચોખા.	ઘઉં.	બાજરી	મગ.	મઠ.	જુવાર.	ઘી.	ગોળ.
૧૭૯૦–૯૧	”	”	”	”	”	”	”	”	”
૧૮૧૨–૧૩	”	”	૮–૦	૩–૦	૧–૦	”	”	૪૦–૦	૨૦–૦
૧૮૧૯–૨૦	”	”	૨–૦	૧–૧૨	”	”	”	૧૪–૦	૯–૦
૧૮૨૪–૨૫	”	”	”	૩–૮	”	”	”	૨૩–૦	૯–૦
૧૮૩૪–૩૫	”	”	”	૧–૪	”	”	”	૨૦–૦	૯–૦
૧૮૩૮–૩૯	”	”	”	૧–૪	”	”	”	૨૦–૦	૯–૦

ધોળકા તાલુકો.

વર્ષ (સ. સ)	કાચા એક મણનો ભાવ. (રૂપિઆ અને આનાથી.)								
	જાડા ચોખા	ઝીણા ચોખા	ઘઉં.	બાજરી.	મગ.	મઠ.	જુવાર.	ઘી.	તેલ.
[illegible]	,,	,,	૫–૦	,,	,,	,,	,,	૩૨–૦	૧૦–૦
૧૮૧૨–૧૩	,,	,,	૨–૮	૨–૮	,,	,,	,,	,,	,,
૧૮૧૯–૨૦	,,	,,	૩–૦	,,	,,	,,	,,	૧૧–૦	૭–૦
૧૮૨૪–૨૫	,,	,,	૨–૦	,,	,,	,,	,,	૧૫–૦	૫–૦
૧૮૩૪–૩૫	,,	,,	૨–૮	,,	,,	,,	,,	૧૬–૪	૮–૦
૧૮૩૮–૩૯	,,	,,	૨–૮	,,	,,	,,	,,	૧૬–૦	૮–૦

વીરમગામ તાલુકો.

વર્ષ (ઇ. સ.)	કાચા એક મણનો ભાવ. (રૂપિઆ અને આનામાં)								
	નવા ચોખા.	જુના ચોખા.	ઘઉં.	બાજરી.	મગ.	મઠ.	જુવાર.	ઘી.	ગોળ.
૧૭૯૦–૯૧	"	"	"	"	"	"	"	"	"
૧૮૧૨–૧૩	"	"	૮–૦	૩–૦	૧–૦	"	"	૪૦–૦	૨૦–૦
૧૮૧૯–૨૦	"	"	૨–૦	૧–૧૨	"	"	"	૧૪–૦	૮–૦
૧૮૨૪–૨૫	"	"	"	૩–૮	"	"	"	૨૩–૦	૯–૦
૧૮૩૪–૩૫	"	"	"	૧–૪	"	"	"	૨૦–૦	૮–૦
૧૮૩૮–૩૯	"	"	"	૧–૪	"	"	"	૨૦–૦	૮–૦

ધંધુકા તાલુકો.

વર્ષ.(ઇ. સ.)	કાચા એક મણનો ભાવ. (રૂપિઆ અને આનાથી.)								
	જાડા ચોખા.	ઝીણા ચોખા.	ઘઉં.	બાજરી.	મગ.	મઠ.	જુવાર.	ઘી.	ગોળ.
૧૭૯૦–૯૧	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,
૧૮૧૨–૧૩	,,	,,	,,	૫–૦	,,	,,	૫–૦	૪૦–૦	૧૦–૦
૧૮૧૯–૨૦	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,
૧૮૨૪–૨૫	,,	,,	,,	૨–૮	,,	,,	,,	૨૦–૦	૭–૦
૧૮૩૪–૩૫	,,	,,	,,	૪–૦	,,	,,	,,	૨૫–૦	૬–૦
૧૮૩૮–૩૯	,,	,,	,,	૩–૦	,,	,,	,,	૨૦–૦	૬–૦

માણસા મહાલ (પેટા તાલુકો.)

વર્ષ (ઇ સ.)	રૂપિઆ એકના શેર પ્રમાણે.								
	જાડા ચો-ખા.	ઝીણા ચો-ખા.	ઘઉં	બાજરી.	મગ.	મઠ.	જુવાર.	ઘી.	ગોળ.
૧૭૯૦-૯૧	”	”	”	”	”	”	”	”	”
૧૮૧૨-૧૩	”	”	૧૦	૧૦	૭	૮	૧૦	૨	૫॥
૧૮૧૯-૨૦	”	”	૧૮	૧૨	૧૬	”	૨૦	૩।	૫
૧૮૨૪-૨૫	”	”	૨૦	૨૬	”	”	૨૬	૨॥	૬
૧૮૩૪-૩૫	”	”	૨૭	૨૮	”	”	૩૦	૨॥	૬
૧૮૩૮-૩૯	”	”	”	”	”	”	”	”	”

ઘોઘા તાલુકો.

વર્ષ (ઈ સ.)	રૂપીઆ એક મણનો ભાવ (રૂપિઆ અને આનાથી.)								
	જાડા ચોખા	ઝીણા ચોખા.	ઘઉં	બાજરી	મગ	મઠ	જુવાર.	ઘી.	ગોળ.
૧૮૦૦-૦૧	”	”	”	”	”	”	”	”	”
૧૮૧૨-૧૩	”	૩-૮	૩-૦ થી ૩-૮	૩-૦ થી ૩-૮	૩-૮ થી ૪-૦	૨-૪	૨-૮	૨૦-૦ થી ૨૫-૦	૩-૦ થી ૪-૦
૧૮૧૯-૨૦	”	”	”	”	”	”	”	”	”
૧૮૨૪-૨૫	”	૩-૦	૨-૮	૨-૦ થી ૨-૮	”	”	૨-૦ થી ૨-૪	૧૮-૦ થી ૨૦-૦	૩-૮ થી ૪-૦
૩૪-૩૫	”	”	”	”	”	”	”	”	”
-૩૯	”	૨-૮ થી ૩-૦	૧-૧૨ થી ૨-૦	૧-૧૨	૨-૦	”	”	૨૦-૦	૨-૮-૦

ખેડા જીલ્લામાં પડેલા દુકાળ.

('દંતકથા અને એ ભાગના જુના રહેવાશીઓની યાદદાસ્ત ઉપરથી મેળવેલો હેવાલ.)

ઈ. સ. ૧૭૯૧-૯૨ નો દુકાળ ખેડા જીલ્લામાં અતિ ઘણો સંકટ ભરેલો હતો. વરસાદ જુલાઇ તથા આગષ્ટ માસમાં અકેકીવારજ વરસ્યો હતો. અહિનાં ઘણાં માણસ ભયથી નાશીને માળવામાં ગયાં, તથા કોગળીઆ અને બીજા દરદોથી મરણ પામ્યાં. આ જીલ્લો આ વેળાએ ગાયકવાડ સરકારના અમલદાર બાપુ પાંઢરાની સત્તા હેઠળ હતો. એણે ઘાસ ઉપર નાંખેલી જકાતનો ભાગ લેઇ બાકીની સઘળી આવક દુકાળ ટાળવા માટે ખરચી. આ વખતે વેચાયલા ખોરાકના ભાવ વેપારીઓના જુના ચોપડા ઉપરથી માલમ પડયા પ્રમાણે આ હેવાલને છેડે દાખલ કર્યાછે.

ઇ. સ. ૧૮૧૩-૧૪ નું વર્ષ પણ દુકાળનુંજ હતુ એ વખતે પ્રથમ જુલાઈ મહિનામાં વરસાદ પડ્યો, તે પછી દોઢ મહિના સુધી એક ટીપુ સરખુએ વરસ્યુ નહિ. તે પછી પાછો થોડોક વરસ્યો પણ તે જોઇએ તેટલો નહોતો. એમ થવાથી પાકને મોટુ નુકશાન થયુ. વળી કાઠીઆવાડ અને પશ્ચિમના બીજા ભાગના ભૂખે મરતા લોકોની મોટી સંખ્યા આ જીલ્લામા આવીને ભરાવાથી ઘણા ભિખારી માણસોનો ઘાણ નીકળી ગયો. ઇ. સ ૧૮૨૫-૨૬ માં પહેલાં વરસાદ ઠીક પડ્યો અને પાક સારો થવા લાગ્યો. પણ પાછળથી વરસાદ વરસવો બંધ પડી ગયો તેથી પાક ઓછો ઉતર્યો. આથી સરકારે ઉઘરાવેલા મહેસુલમાંથી રૂ૧૬૧૬૯(૭) ખેડુતોને પાછા આપ્યા આ વરસ તંગીનુ હતુ, પણ ભૂખમરો ચાલ્યો નહતો. ઇ. સ. ૧૮૩૪-૩૫ મા ઘાસ અને

ઘાસનો નાશ થવાથી હજારો ઢોર મરણ પામ્યાં. આ વરસ લોકોને દુકાળનું ન કહેવાયું, પણ સરકારને રૂ.૧૧૬૫૨૪) મહેસુલમાંથી ખેડુતોને પાછા આપવા પડ્યા.

ખેડા જીલ્લામાં વેચાયલા અનાજના ભાવ.

ઈ. સ. ૧૮૯૧-૯૨.		શેર.	ઈ. સ. ૧૯૧૨-૧૩		શેર.
બાજરી.	(રૂ૧) ની	૧૮	બાજરી.	રૂ૧ની	૧૭
ઘઉં.	"	૧૬	ઘઉં.	"	૧૦
કોદરા.	"	૨૭	ઘી.	"	૩॥
જુવાર.	"	૧૨॥	ગોળ.	"	૯॥
ચણા.	"	૨૦	રૂ.	"	૬
તુવેર.	"	૨૪	જુવાર.	"	૧૭॥
બંટી.	"	૨૬	તુવેર.	"	૨૨॥
ઘી.	"	૨॥	તલ.	"	૧૬
બાવટો.	"	૨૭॥	જવ.	"	૧૫
ચોખા.	"	૨૬	કોદરા	,	૩૨
ગવાર.	"	૨૨	સાદી ચોખા.	"	૨૦
મીઠું તેલ.	"	૨૬	ગવાર.	"	૨૭
ગોળ.	"	૭	તંબાકુ.	"	૧૦
તલ.	"	૧૬	બાવટો.	"	૨૧
તંબાકુ.	"	૧૨	ચણા.	"	૨૦
ઝીરૂ.	"	૧૮	બંટી.	"	૩૫
જવ.	"	૨૨॥	મીઠું તેલ.	"	૫।
એરંડી.	"	૭	ખાંડ.	"	૪
			મઠ.	"	૧૯
			તુવેરની દાળ	"	૧૬
			મગ	,	૧૭
			એરંડી	"	૫॥

પ્રયત્ન કરવામાં આવતા હતા, પણ અંતે તો તેઓ પાનેજ સરજેલાં હતાં. અગણિત મારવાડીઓમાં ભ રોગી મરવાડ તથા બીજાં ઘણાં દરદો લાગુ પડ્યાં હ એટલે સુધી કે, તેઓ સંખ્યાબંધ વડોદરામાં ઉતરી પ ત્યાંના લોકોની બરાબી થવા માંડી. આથી કોલેરા રોગ ચાલુ થયો. ભૂખથી બેભાન થયેલી સ્ત્રીઓ અર્ધે પોતાની લાજને પણ દૂર મૂકવા લાગી, અને તેમ ટકાક દૂષ્ટ વ્યાધિઓનો ભોગ તેઓ થઇ પડી. માર ઓનાં મૂડદાં, વગર દરકારે ખુલી જગાએ કાઢી જતાં, હવામાં ઘણો બિગાડ થઇ અનેક જાતના દરદો પેદા એટલુ છતા વડોદરામા ગાયકવાડ સરકાર તરફથી મુસાં વાનો પૂરતી મજાગી લેવામા આવતી હતી. વડોદરા મોટામા મોટો આ દુકાળ હતો એ પછી બીજો કોઇ દુકાળ એમા પડેલો જણાયો નથી

લોક લુહારૂઓનો ધંધો કરેછે. તેથી પણ તેમને ભૂખે મર-
વાનો થોડો સંભવ રહે છે. ઢોર અથવા તેવુંજ કોઇ ખા-
વાના કામમાં આવે તેવું જનાવર કોઇ હોરીજતું હોય,તો
તેની પાછળથી તે પકડી લેઇને, અથવા સુનું મરતાં માલુમ પડે
તો લાગલું તેને પકડી લેઇને મારી ખાયછે. જ્યાંસુધી એક
પ્રાણીનું ખાઓગીરી મળી શકે છે ત્યાંસુધી કોઇપણ ભીલ
દરેક વસ્તુ ઉપર જીવી શકે છે. આટલી તો આપણ-
ને સર્વેને ખબર છે કે નર્મદા અને મહિ નદીઓના વચલા
અને આજુબાજુના પ્રદેશમાં જ્યાં ભીલની વસ્તી છે, ત્યાં તે
નદીઓ કદી સુકાઇ નથી અને જ્યાં સુધી એ નદીઓમાંથી
એ લોકોને પાણી મળ્યુંછે ત્યાંસુધી તે દુકાળમાં ભૂખે મરતા
લોકોની પંક્તિમાં આવ્યા નથી.

રેવાકાંઠાના વચકને નર્મદા, મહિ, અને બીજી કેટ-
લીક નાની નદીઓ તથા વહેળાએ પાણી પુરે પાડેછે એ
ભાગ નાના મોટા ડુંગરે અને જંગલોથી બનેલો છે. તથા
તેમાં ભાત અને [illegible] મુખ્ય છે એ ભાગમાં મોટાં
શહેરો છે. પણ [illegible] અને સલામત ર-
સ્તા નથી [illegible] નદીએ ફરી વળવાથી ત-
થા એમાં [illegible] કોઇપણ વસ્તુ
ઉપર [illegible] નથી [illegible] મોટું સ-
[illegible] નથી; [illegible]
[illegible] ગયા છે.

[illegible] નદિ
[illegible] ઘણા લોક
[illegible] પોતાનાં
[illegible]
[illegible]

ઈ. સ. ૧૭૯૦–૯૧ માં પણ વરસાદ પડ્યો નહીં અને તેથી એ વરસ દુકાળનું ગણાવા લાગ્યું. આ વેળા એ ગરીબ લોકે પોતાનાં છોકરાંઓને વેચવા માંડ્યાં હતાં અને બીજા લોકો મૂળિયાં અને જંગલી ફળફળાદિ ઉપર ગુજરાન કરતા હતા. લોકો તથા ઢોર મોટી સંખ્યાબંધ મરણ પામવા લાગ્યાં. આ પછી આખો દેશ સુધારાએથી ભરાઇ ગયો. ભૂખે ટળવળતા લોક રાજપીપળા, બારીયા, ઉદેપુર, સુંથ, લુણાવાડા, વાડાસિનોર વગેરેના દરબારો આગળ ગયા અને ત્યાંથી તેમને ખોરાક પૂરો પાડવામાં આવ્યો. ઈ. સ. ૧૮૭૨–૧૩ માં પાછી તંગી આવી, પણ એ વખતમાં લોકોને ઘણું સંકટ વેઠવું પડ્યું નહોતું. ઇ. સ. ૧૮૧૨ નું વર્ષ ઘણુંજ સખત હતું અને ઇ. સ. ૧૭૯૦–૯૧ માં જેવું દુઃખ લોકોને પડ્યું હતું તેવું જ આ વર્ષમાં જણાતું હતું એ વેળા અનાજના ભાવ નીચે પ્રમાણે હતા.

રૂ૧) ની બાજરી શેર ૮, મગ શેર ૧૩, તુવેરની દાળ શેર ૬, મગ શેર ૬, ચોખા શેર ૬

આ સંકટના વખતે પણ દરબારો તરફથી લોકોને ખોરાક વહેંચવામાં આવ્યો હતો.

ઇ. સ. ૧૮૨૪–૨૫ માં તંગી પડી, પણ તે કંઈ મોટી આફત નહોતી એ વર્ષમાં મહીકાંઠાના (રેવાકાંઠા એજન્સીના) દેશી રાજાઓ ઉપર અંગ્રેજ સરકાર તરફથી કેટલીક ખોરાક સના બેસાડવામાં આવી હતી

ઇ સ ૧૮૩૩–૩૪ માં પણ તંગી હતી, પણ એ વર્ષને દુકાળનું વર્ષ કહેવાય નહિ ઇ સ ૧૭૯૦ અને ઇ. સ. ૧૮૧૨ નાં વર્ષો જેવાં સખત દુકાળના હતાં તેવું આ વર્ષ નહોતું પાછલા વર્ષનું અનાજ બચેલું હતું તે કામમાં આવ્યું અને તે સાથે જ કેટલીક મદદ દરબારોએ કરી, તેથી

આ વખતે લોકો તથા જાનવરો ઘણાં મુઆં નહોતાં. સરકારે આ વર્ષે રૂ૧૦૦૩૯૪–૦–૪ મહેસૂલ માફ કીધું હતું તેમાંથી રૂ૫૨૬૫૨–૫–૩ ખેડુતોને પાછા આપ્યા હતા.

ઇ. સ. ૧૮૩૮–૩૯ માં વરસાદ થોડો પડવાથી તંગી ચાલી. આ વર્ષે અંગ્રેજ સરકારે પોતાને મળતી ખંડણીમાંથી (રૂ૨૭૫૦ કે) લોકોને પાછા આપ્યા. તેમજ ઇ. સ. ૧૮૪૮–૪૯ માં પણ એવું સંકટ પડવાથી રૂ૪૨૧૬૯) પાછા આપ્યા હતા.

ઇ. સ. ૧૮૬૪–૬૫ માં તંગી ચાલવાથી ખોરાક ઘણો મોંઘો થયો હતો. એટલે રૂપિઆ એકનું આઠશેર અનાજ વેચાવા લાગ્યું હતું. આ વર્ષે વરસાદ તો પડયો હતો પણ અમેરિકામાં મોટી લડાઇ ચાલવાથી કપાસમાં રૂનો ભાવ ઘણો વધી ગયો. તેથી ઘણા ખેડુતો રૂનો પાક કરવા લાગ્યા તેને લીધે અનાજ થોડું પાક્યું અને તેની મોંઘવારી થઇ.

ચાલુ સૈકામાં પડેલા દુકાળ.

એ સૈકામાં મોટા દુકાળનાં વરસ ગણ્યાં ગણાયછે. અને તેઓને લગતો હેવાલ ઘણા ખાતાના કહેવા ઉપરથી મેળવી શકાયો છે. ઇ. સ. ૧૯૦૦–૦૧ માં વરસાદ ન પડવાથી એ ભાગમાં લોકોને તંગી ચાલતી હતી. આ વખતે અહિઆના લોકો કદાપિ પોતાનું દુઃખ ઓછું કરી શકત પણ એજ વખતે કાઠીઆવાડના અને મારવાડમાં દુકાળ ચાલવાથી ત્યાંથી એટલા બધા ભુખે મરતા માણસો અહિં ઉતરી પડયા કે ખોરાકની અછતની તંગી ચાલી અને અનાજના ભાવ વધી નીચે પ્રમાણે થઇ ગયા —

ઘઉં	૧૦ મણુની કોરીની એકના	૩	૧૦
જુવાર	"	૩	૩૫.
બાજરી	"	૩	૪૫
ઘી	મણુ એકના	૨	૧૪

આ વરસનો દુકાળ આખા ગૂજરાતમાં હતો. પ
સારા ભાગ્યે તે એકજ વરસ ચાલ્યો. એ વરસમાં ભરૂચ
મજમુનદાર લલ્લુભાઈએ અને આશારામે આગલા વર્ષે
ભરી રાખેલી દાણાની વખારો ઉઘાડી ગરીબ લોકોને મફ
અનાજ વહેંચ્યું હતું, અને જે પૈસાવાળા હતા તેમણે પૈ
સા આપીને ખરીદ કર્યું હતું. વળી તવંગરોએ ઘર બાંધવ
માંડ્યાં તેથી તે ઉપર કામે લાગેલાં ગરીબોનાં પેટ ભરાયાં.

ઇ. સ. ૧૮૧૨ માં વરસાદ પડ્યો નહિ તે સાં
તીડોનાં ટોળાં પડ્યાં તે ઉગેલા અનાજના છોડ ખાઈ ગયાં. વળી
મારવાડ અને કાઠીઆવાડથી સખ્યાબંધ લોક ત્યાં આવ
ભરાયાં તેથી અનાજના ભાવ વધી ગયા. સરકારથી કણ્બી
આ (કુડિયા)ઓને હુકમ થયો હતો કે લોકોને ખાવ
જોઇએ તેટલુંજ અનાજ તેઓને આપવું. ભરી મૂકવાને વધારે
આપવું નહિ. અને તે હુકમનો અમલ બરાબર થાય માટે
દેખરેખ રાખવાને કેટલાક અમલદારો ઠરાવ્યા હતા.

ઇ. સ. ૧૮૩૫ નો દુકાળ અતિઘણો વરસાદ પડવાથી
નીપજ્યો હતો. પાણીના ઘણા જોરાથી સઘળા ચોમાસુ પા-
કનો નાશ થયો, અને શિયાળુ પાક જે કંઇ થોડો ઘણો
થયો હતો તે પણ કેટલીક દૈવી આફતોથી ધૂળધાણી થઈ
ગયો. એ દુકાળ ગૂજરાતમાં બધે ફરી વળ્યો હતો. તે વ-
ખતે અનાજના ભાવ નીચે પ્રમાણે હતા.

ઘઉં. ૨૧ મણની એક કળશીના			રૂ. ૬૮.
જુવાર.	„	„	રૂ. ૨૭.
બાજરી.	„	„	રૂ. ૨૭.
ઘી. એક મણના	—		રૂ ૨૨.

આ સાલ લોકોને મદદ કરવા સારૂ સરકારે કેટલુંક
મહેસૂલ પાછું આપ્યું હતું.

ઇ. સ. ૧૮૩૭ અને ઇ. સ. ૧૮૬૧ માં ભરૂચ છ-

કામાં દુકાળ પડ્યા હતા. એ વરસોમાં ત્યાં અંગ્રેજ સરકારની સત્તા નહોતી, પણ મુસલમાન રાજ્યોનો અમલ હતો. અને તેમણે બહારથી લોકોને આવતા રહેતું અનાજ આવવા સાથે મહેસુલ માફ કર્યું હતું.

ભરૂચમાં ઈ. સ. ૧૯૧૦ થી ૧૯૨૦ સુધી જુદા જુદા અનાજના ભાવ નીચે પ્રમાણે હતા.

કળશી ૧ નો ભાવ (રૂપિઆ અને આનાથી)

વરસ –	૧૯૧૦	૧૯૧૧	૧૯૧૨	૧૯૧૩	૧૯૧૪	૧૯૧૫	૧૯૧૬	૧૯૧૭	૧૯૧૮	૧૯૧૯	૧૯૨૦
જુવાર.	૯–૦	૧૩–૦	૧૮–૮	૩૨–૦	૨૬–૦	૧૫–૪	૧૩–૦	૧૧–૦	૧૫–૪	૧૮–૦	૨૮–૦
ઘઉં	૧૦–૦	૧૩–૦	૨૧–૦	૩૮–૦	૧૩–૦	૧૮–૦	૧૮–૦	૧૦–૦	૧૫–૮	૧૮–૦	૩૬–૦
ડાંગર.	૧૧–૦	૧૧–૮	૧૩–૦	૩	૨૪–૦	૧૪–૦	૧૫–૦	૧૩–૮	૧૩–૦	૧૪–૦	૨૬–૦
બાજરી.	૧૫–૦	૧૪–૦	૧૬–૮	૪૮–૦	૩૬–૦	૧૮–૪	૧૬–૦	૧૫–૮	૧૫–૮	૧૬–૦	૩૬–૦
કોદરા	૮–૮	૬–૮	૧૦–૦	૨૪–૦	૧૩–	૯–૪	૧૨–૦	૧૧–૦	૧૧–૦	૧૩–૮	૧૮–૦
બાવટો	,,	,,	૧૧–૦	૨૬–૦	૩–	૧૩–૪	૧૧–૦	૧૨–૦	૧૫–૦	૧૨–૦	૨૬–૦
મગ.	૧૧–૦	૧૨–૦	૯–	૩૬–૦	૩૨–૦	૧૪–૮	૧૧–૧૨	૧૧–૦	૧૧–૦	૧૩–૦	૨૨–૦
તુવેર.	૧૦–૦	૧૨–૦	૧૨–૦	૩૧–૦	૨૪–૦	૧૪–૦	૧૨–૮	૧૨–૦	૧૨–૮	૧૪–૦	૧૮–૦

સુરત જીલ્લામાં પડેલા દુકાળ.

આખા જીલ્લાની સામાન્ય હકીકત.

આ જીલ્લામાં પડેલા પહેલવહેલા દુકાળની નોંધ ઈ. ૧૭૪૯ ની સાલની થઇ છે.

ઈ. સ. ૧૭૯૦ માં ત્યાં બીજો દુકાળ પડયો. એ વરસમાં વરસાદ આવ્યો નહોતો, અને દક્ષિણ, કોકણ તથા બીજા પ્રાંતોમાંથી ભૂખે મરતા લોક સુરત જીલ્લામાં નાસી આવ્યાં તેથી ત્યાં ભારે તંગી ચાલી, અને સખ્યાબંધ માણસોનાં મર્ણ નીપજ્યાં. એ વખતે આ જીલ્લાનો થોડો ભાગ પેશ્વાને તાબે અને થોડો ભાગ ગાયકવાડ સરકારને તાબે હતો. એ બને સરકારોએ એ વરસમાં ઓછું કરેલું મહેસુલ ખેડુતોને પાછું આપ્યું. અને ભૂખમરાનું સંકટ ઓછું કરવા સારૂ બન્દરમાં અનાજ સસ્તે ભાવે વેચવું તે નક્કી કર્યું હતું વળ. પેશ્વાએ તો. પોતાના પ્રાન્તમાનું અનાજ બહાર ન જવા દેતાં મુબાઇ અને બીજી જગોએથી [illegible] [illegible] મંગાવ્યું હતું

[illegible] ૧૮૦૩ માં ત્યાં ત્રીજો દુકાળ પડ્યો. એ વખતે પણ આસપાસથી ભૂખે મરતા લોકો ત્યાં આવ્યાં તેથી [illegible] ન [illegible] સાથે જબરી મરકી ચાલી જો કે એ વરસાદ વરસ્યો નહોતો અને અનાજના ભાવ વધતા [illegible] હતા, તોપણ બહાર દેશાવરના લોકો અહિં આવી [illegible] નહોત તો [illegible] જેવું કંઇ થાત નહિ. આ સાલ પણ [illegible] મહેસૂલ લોકોને પાછું આપ્યું હતું વળી [illegible] [illegible] હતા, અને જાહેર બાંધકામ ઉપર [illegible] [illegible] તેઓનો મહેનતના બદલામાં તેમને [illegible] પૂરૂ પાડયું હતું. આ વરસમાં સરકારની મદદ શિ-

કામ બીજી જાતની સખાવત ઘણી થઇ હતી. શીખસીના ઠેકાણે રામજાદ [illegible] જથાબંધ અનાજ ભૂખે મરતા લોકોને વહેંચ્યું હતું. અને મામલતદાર સુપાનાએ પોતાના તાલુકામાં પુષ્કળ અનાજ મંગાવી વાજબી ભાવે વેચાવ્યું હતું.

ઇ. સ ૧૮૨૪–૨૫ નું વરસ તંગીનું હતું. એ સાલમાં સરકારે મહેસુલ પાછું આપ્યું હતું. અને તળાવ કુવા વગેરે નવાજુ બાંધવાને એક લાખ રૂપિઆ ખજાનામાંથી આપ્યા હતા.

ઇ. સ ૧૮૩ માં પડેલી તંગી વેળાએ પણ સરકારે મહેસુલ પાછું આપ્યું હતું. મજુરોને જાહેર બાંધકામ ઉપર કામે લગાડ્યા હતા, તથા બીજી યોગ્ય મદદ કરી હતી. આ પછી બીજા કેટલાક વર્ષ સહેજ સહેજ અછતના વખતો હતાં.

ન્હાનાં ન્હાનાં પ્રગણાંઓની હકીકત.

મેવાસ પ્રગણામાં પડેલા દુકાળ.

ઇ. સ ૧ [illegible] નું વર્ષ એ તાલુકામાં મોટી તંગીનું હતું એ સાલ [illegible] ઘણાંજ નદિઓથી પાક ન થયો. અને તેનું પરિણામ [illegible] નીપજ્યું કે ઘણા લોકો ભૂખમરાથી મરી ગયાં [illegible] લોકોની મોટી સંખ્યા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અનાજ [illegible] [illegible] અને [illegible] તે બધુ અનાજ ભૂખે મરતાને [illegible] આ [illegible] અંગ્રેજ સરકારના હાથમાં [illegible] આવ્યું

વાલોડ પ્રગણામાં પડેલા દુકાળ.

ઇ. સ. ૧૭૯૦–૯૧ નો દુકાળ એ તાલુકા–

પડ્યો, પરંતુ તેનો ત્રાસ ઘણો લાગ્યો નહોતો. વરસાદ થયો ખરો પણ છેક જ થોડો, તેથી અનાજ થોડું પાક્યું.

ઈ. સ. ૧૮૦૩–૪ માં વરસાદ થોડો પડ્યા છતાં પાક સારો નીપજ્યો હતો, પણ દક્ષિણમાં દુકાળ હોવાથી ત્યાંનાં લોકો અહિંઆં આવી ભરાયાં તેથી લોકોની વૃદ્ધિ થવાથી અનાજ મોંઘુ થયું અને તેના ભાવ વધી ગયા. દક્ષિણ તરફથી આવેલાં અધમુઆં માણસો મર્ણ પામ્યાં હતાં.

ઈ. સ. ૧૮૨૪–૨૫, તથા ઈ. સ. ૧૮૩૯–૩૯ માં વરસાદ થોડો વરસ્યો હતો. એ વર્ષોમાં મુખ્યત્વે કરીને ચોખા (ડાંગેર)ની વાવણી વધારે થઇ હતી, પણ ધારવા મુજબ સારો પાક થયો નહિ તેથી સરકારે ખેડુતોને મહેસુલ પાછું આપ્યું હતું સારાં નશીબે અનાજની તંગી છતાં લોકોનાં ઝાઝાં મર્ણ થયા નહે તાં. આ તાલુકાનો સઘળો વહીવટ અંગ્રેજ સરકારને ઈ. સ. ૧૮૦૨–૩ માં મળ્યો

બારડોલી પ્રગણામાં પડેલા દુકાળ

ઈ. સ. ૧૭૪૬–૪૭ મા તથા ઈ. સ ૧૭૯૦–૯૧ માં એ પ્રગણામાં મોટા દુકાળ પડયા હતા. એ વરસોમાં સારો વરસાદ ન પડવાથી પાક ઉતર્યો નહિ, તેથી અનાજ પાણી અને ઘાસની અછતને લીધે માણસની તથા ઢોરની ઘણી હાણી થઈ હતી. સરકારે ખેડુતો પાસેથી જમીનનો ઉઘરાવેલો કર પાછો આપ્યો હતો, તેમજ જરૂરીઆત વસ્તુઓના ભાવ ઘણા વધી ગયાથી, ખેડુતોને આંગ ઉપર નાણાં ધીર્યા હતાં.

અંગ્રેજ સરકારનો અમલ એ પ્રગણામાં થયા પછી ઈ. સ. ૧૮૦૨–૩, ઈ. સ. ૧૮૧૨–૧૩, ઈ. સ. ૧૮૨૪–૨૫, ઈ. સ. ૧૮૩૮–૩૯, ઈ. સ. ૧૮૪૮–૪૯, અને ઈ. સ. ૧૮૫૩–૫૪ માં તંગીઓ પડી હતી, અને કેટલીક જગોએ પાક ન

થવાથી અનાજના ભાવ વધેલા હતા. ઇ. સ. ૧૮૦૨—૩ માં દક્ષિણમાં દુકાળ હતો તેથી ત્યાંના ગરીબ લોક અહિંઆં આવ્યાં હતાં અને જીંદગીની દરકાર કર્યા સિવાય મરણીયાં થઈ લુટફાટ કરતાં હતાં, તેથી આ તાલુકાનાં નગરાનેની આજુબાજુનાં અને રાહદારી માણસોને ઘણું દુઃખ પડયું હતું એ વખતે સરકારે પોતાની રૈયતની જીંદગી અને માલમતાના બચાવના ઉપાયો લીધા હતા. બે વરસ સુધી ખેડુતોને આગપર નાણાં ધીર્યાં અને તેમને જે નુકશાન ગયું તેના પ્રમાણમાં બીજા વરસોમાં તેઓનું મેહેસુલ પાછુ આપ્યું હતુ.

ચોરાશી પ્રગણામાં પડેલા દુકાળ.

ઇ. સ. ૧૭૯૧ માં એ પ્રગણામા દુકાળ પડયો હતો એ વખતે સવત્ ૧૮૪૭ નુ વર્ષ ચલતુ હતું તેથી એ દુકાળનુ નામ "સુડતાલો" કહેવાતુ આ વખત અનાજ રુપિઆ એકનું પચીસ સુરતી શેર વેચાયુ હતુ. અનાજની તંગીને લીધે લોકોએ ઘણુ સહટ વેઠયું હતુ બીજા બંદરોમાંથી ખજુર અને નાળિએર જથાબંધ અહિં આવ્યા તેથી લોકોની તંગી ઓછી થઇ હતી. દનકથાની મારફતે તથા દાઉ રેશુનાથ દેશાઇના કહેવા ઉપરથી આટલી ખબર મેળવી શકાઈછે

ઇ. સ ૧૮૦૪ ના વરસમાં પાક તો સારો ઉતાર્યો હતો પણ દક્ષિણીઓ દુકાળને લીધે પોતાના દેશમાંથી નાસી અહિંઆં આવ્યા હતા તેથી મોંઘવારી ચાલી હતી. પ્રથમ રુપિઆનુ ૧૧ શેર અનાજ મળતુ તે મોંઘવારીનું જોર વધવાથી ૧૩ શેરનુ મળવા લાગ્યુ આ વરસ સવત્ ૧૮૬૦ નુ હતુ, તેથી એને "સાઠુ" કહેછે.

ઇ. સ. ૧૮૧૩ ના વરસમાં પિંડારાઓ ચડી આવ્યા તેથી તંગી ચાલી. અનાજનો ભાવ પ્રથમ રુપિઆ એકના

૨૫ શેરનો હતો તે ૨૨ શેરનો થયો હતો.

ઈ. સ. ૧૮૩૯ માં વરસાદ બરાબર પડ્યો નહિ તેથી અનાજ રૂપિઆ એકનું ૨૪ શેરથી ૨૨ શેર વેચાયું હતું.

ઈ. સ. ૧૮૬૪ નું વર્ષ સુકાળાતાના જેવું હતું, અને એમાં રૂપિઆ એકનું ૧૫ શેરથી ૧૩ શેર સુધી અનાજ મળતું હતું.

ઓરપાડ, અંકલેશ્વર, અને હાંસોટ પ્રગણાંમાં પડેલા દુકાળ.

(મહેસુલ ઉઘરાવનાર [illegible] માણસોએ આપેલી ખબર ઉપરથી)

ઈ. સ. ૧૭૯૦ } આ વરસમાં મોટો દુકાળ પડ્યો અને
પરગણાં અંકલેશ્વર } [illegible] માણસ-
અને હાંસોટ. } [illegible] પણ [illegible] તેઓને પાછા [illegible] સહેલાઈથી પાછું [illegible]

અને [illegible] ઉપર [illegible] તેમને મફત અનાજ [illegible] પ્રગણાંઓના [illegible] દુકાળની કાંઈપણ [illegible]

ઈ. સ. ૧૮૦૦—૧ } [illegible] આ પ્રગણાંમાં આ વરસમાં [illegible] તોપણ [illegible] અને તેનું કારણ એ હતું કે [illegible] લોકો [illegible] અનાજ [illegible] હતા.

ઈ. સ. ૧૮૦૨ } [illegible] પ્રગણાંમાં પડેલા આ સાલના દુ-
[illegible] પ્રગણું } [illegible] સ. ૧૮૪૭ ની સાલના [illegible] દુકાળને [illegible] તેના [illegible] છે.

પડેલા દુકાળ.

ઇ.સ. ૧૭૮૨. } હાંસોટ પ્રગણુ. } આ પ્રગણાંમાં આ સાલમાં મોટો દુકાળ પડેલો જણાય છે. એ દુકાળથી લોકોએ ઘણું સંકટ વેઠયું હતું.

